અપીલ અરજી નં.૧૨૯ તા.૨૧–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિજય ભટ્ટ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય ભટ્ટ ની તા. ૫/૬–૫–૧૧ ની આઈ.ડી .નં–૧૫૫ની અરજીથી મિલ્કત નં.૧૬૪૫–બ ગોપીપુરા મેઈન રોડ પર આવેલ મિલ્કતના પ્લાન પાસ વિગેરેની મુદ્દા નં.૧ થી ૧૨ ની માંગવામાં આવેલ માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૨૯/૨૦૧૧–૧૨

શ્રી વિજય ભટ્ટ ની તા. ૫/૬–૫–૧૧ની આઈ.ડી .નં–૧૫૫ની અરજીથી મિલ્કત નં.૧૬૪૫–બ ગોપીપુરા મેઈન રોડ પર આવેલ મિલ્કતના પ્લાન પાસ વિગેરેની મુદ્દા નં.૧ થી ૧૨ ની માંગવામાં આવેલ માહિતિ આપવા બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૯૭ તા.૨૬–૫–૧૧ ની આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો , વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૮ તા.૬–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી મળેલ માહિતિ બાદ શું નારાજગી છે? તમો સદર પત્રથી અપીલ કરવા ઈચ્છો છો કે કેમ? તેની પુર્તતા– સ્પષ્ટતા કરવા અને જો અપીલ હોય તો નમુના –'ચ' નું સાથે સામેલ કરેલ ફોર્મ તે ભરી મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ની વિગત ,મળેલ માહિતીની વિગતો સહિત મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૬૨૯ તા.૨૨–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગેનં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૯૭ તા.૨૬–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૯–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૫/૬–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૨ ગિરનાર એપાર્ટ. ગોપીપુરાના ફલેટ હોલ્ડરો ધ્વારા મિલ્કત નં.૧૬૪૫/બ ના બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી શહેર વિકાસ અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૯૭ તા.૨૬–૫–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. અરજદારે તા.૨૧–૬–૧૧ ના પત્રથી માહિતી પૂરી પાડવાની રજૂઆત કરી અપીલ કરેલ. જે અંગે અત્રેથી અરજદારને તથા જાહેર માહિતી અધિકારીને સદર પત્ર સંદર્ભે પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૨ તા.૨૮–૬–૧૧ થી વિગતો માંગવામાં આવેલ. તથા અરજદાર અપીલ કરવા ઈચ્છુક હોય તો સામેલ ફોર્મમાં વિગતો ભરી મોકલી આપવા જણાવેલ. જે અંગે અરજદારે તા.૧–૭–૧૧ ના રોજ અપીલ ફોર્મ ભરી તા.૨૬–૫–૧૧ ના નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૯૭ તા.૨૬–૫–૧૧ થી મળેલી માહિતી અપૂરતી હોવાની રજૂઆત કરી અપીલમાં વિવિધ મુદ્દા જણાવેલ છે. ત્યાર બાદ અત્રેથી સદર અપીલ બાબતે પુનઃ આરટીઆઈ સેલ/ ૪૩૮ તા.૬–૭–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે મુદ્દા નં.૨,૩,૧૦ અને ૧૩ ના સંદર્ભે મળેલા જવાબ બાબતે માહિતી મેળવવા પ્રયત્ન કરેલ નથી તેવું જણાવેલ છે અને આરટીઆઈ સેલ અપીલ વિભાગ અપીલના પૂરક પત્રમાં માહિતી મેળવવાની અપેક્ષા સેવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ગોપીપુરા મેઈનરોડ પર આવેલ મિલ્કત નં.૧૬૪૫–બ ના સુરત મહાનગરપાલિકા ધ્વારા પાસ થયેલા પ્રથમ પ્લાનની વિગતવાર માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગોપીપુરા મેઈન રોડ પર આવેલ મિલ્કત વોર્ડ નં.૮ નોંધ નં.૧૬૪૫–બ ના પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં આપેલ જવાબ ગુંચવાડા ભર્યો તેમજ અપૂરતો છે કારણકે તેમાં પ્લાન રજૂ કરવામાં આવ્યો છે કે નહી? પ્રથમ પ્લાન રજૂ થયો છે તો તે પાસ કરવામાં આવ્યો છે કે નહીં તે પણ જવાબની રીતે દર્શાવી શકયા હોત. જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. રેકર્ડ ઉપલબ્ધ ન હોય તે પાસ થયેલ છે તેવી વિગત દફતરે ઉપલબ્ધ નહીં હોવાનું અનુમાનિત થાય. . આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. મુદ્દા નં.૨ ગોપીપુરા મેઈનરોડ જેવા ખુબ જ ભરચક ટ્રાફીકવાળા પેટ્રોલ ધુમાડાથી પ્રદુષિત વિસ્તાર માટે રાજય શહેર વિકાસ તેમજ મહાનગર શહેર વિકાસ ધ્વારા બાંધકામ અંગેની કાયદાકીય માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નમાં માંગેલ માહિતી અંગેની સ્પષ્ટતા થતી નથી. રાજય સરકારશ્રી ધ્વારા મંજુર કરેલ

જીડીસીઆરની જોગવાઈઓને આધીન બાંધકામની પરવાનગી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં જાહેર હિત માટે કયા કાયદાઓ બનાવ્યા છે તે મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. તે માટે અપીલનું કારણ આ તબકકે ઉપસ્થિત થાય નહીં. મુદ્દા નં.૩ ગોપીપુરા મેઈનરોડ જેવા વિસ્તાર માટે બેઈઝમેન્ટ માટેની પરમીશન આપવામાં આવેલ છે કે કેમ? તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાજય સરકારશ્રી ધ્વારા મંજુર કરેલ જીડીસીઆરની જોગવાઈઓને આધીન પરવાનગી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સુરત શહેરના જુના સાંકડા વિસ્તારો માટે નવા કાયદા મુજબ બેઝમેન્ટની પરવાનગી આપવામાં આવતી નથી કારણકે તેનાથી મકાનો નબળા પડે છે અને ધ્રજારી પણ આવે છે તેવું મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે માટે અપીલનું કારણ આ તબકકે ઉપસ્થિત થાય નહીં. મુદ્દા નં.૪ ગોપીપુરા મેઈનરોડ પર મિલ્કત નં.૧૬૪૫–બ માં હાલમાં જે બાંધકામ ચાલી રહયું છે તમા તેની ઉંચાઈ કેટલા મીટરની પાસ કરવામાં આવી છે અને તે કાયદા મુજબ છે કે કેમ? તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગોપીપુરા મેઈનરોડ પર મિલ્કત વોર્ડ નં.૮ નોંધ નં.૧૬૪૫–બ વાળી મિલ્કતના પ્લાન મંજુર થયાની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. અરજદારે રાજય તેમજ મહાનગપાલિકા ધ્વારા બનાવેલ કાયદા મુજબ કોટ વિસ્તારો માટે ત્રણ માળ અથવા તો અમુક મીટર સુધી ઉંચાઈ મંજુર કરવામાં આવેલ છે તેની માહિતી આપેલ નથી જે બાબતે જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે અપીલની રજૂઆતમાં આ મુદ્દા પરત્વે અમારી માન્યતા તેવો શબ્દ પ્રયોગ કરેલ છે જે સૂચવે છે કે તેમણે અનુમાન આધારિત રજૂઆત કરેલ છે. આથી તેમાં દફતરી ઉપલબ્ધ માહિતી જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.પ. ગોપીપુરા મેઈનરોડ પર મિલ્કત નં.૧૬૪૫–બ માં ચાલી રહેલું બાંધકામ કયા કયા પ્રકારના હેતુ માટેનું છે તેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગોપીપુરા મેઈનરોડ પર વોર્ડ નં.૮ નોંધ નં.૧૬૪૫–બ વાળી મિલ્કતમાં ધાર્મિક હેતુ માટે પ્લાન રજૂ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ મિલ્કત ન.૧૬૪૫–બ કે જે ખુબ જ સાંકડા રોડ પર આવેલી છે અને તે ખુબ જ ટ્રાફીકગ્રસ્ત અને પેટ્રોલ ધુમાડાથી પ્રદુષિત વિસ્તાર છે તો તેમાં મહાનગપાલિકા ધ્વારા રોડ માર્જીન રાખવામાં આવ્યો છે કે કેમ? અને તે કેટલો રાખવામાં આવ્યો છે? તેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત વોર્ડ નં.૮ નોંધ નં.૧૬૪૫–બ ના રજૂ કરેલ પ્લાનમાં ૧.૫ મી. રોડ માર્જીન દર્શાવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પ્રથમ પ્લાન પાસ થયો છે અથવા રજૂ થયો છે તો તેની વિગતવાર માહિતી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત મુદ્દા નં.૧ માં કરવામાં આવેલ છે. મુદ્દા નં.૭ મીલ્કત નં.૧૬૪૫–બ ની ચારે તરફ રહેઠાણ વિસ્તાર આવ્યો છે તો આસપાસના વિસ્તારને કુદરતી ન્યાયના સિધ્ધાતની મુજબ હવા ઉજાસ મળી શકે તે મુજબની જોગવાઈ પાસ થયેલા પ્રથમ પ્લાનમાં રાખવામાં આવી છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગોપીપુરા મેઈનરોડ પર આવેલ મિલ્કત વોર્ડ નં.૮ નોંધ નં.૧૬૪૫–બ ના મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. એ પણ સૂચક છે કે રજૂ થયેલ પ્લાન મંજુર ન થાય ત્યાં સુધી મંજુર પ્લાનની કક્ષામાં ગણાય નહીં. જેમાં અરજદારે મુળ અરજીનો પ્રશ્ન કરેલ છે જે અંગે અરજદારને માહિતી જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.૮ બંધાનારી મીલ્કતની ચારે તરફ રહેતા નાગરીકોની સુખ શાંતિ ન હણાય તેમજ ધુળ સીમેન્ટના પ્રદુષણથી તેમને નુકશાન ન થાય તે માટે નીતી નિયમો જણાવશો. તેમજ બાંધકામનો સવારથી સાંજ સુધીનો સમય જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ જોતાં માંગ્યા મુજબની વિગતો રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે સીમેન્ટ પ્રદુષણથી થતાં નુકશાન માટે બનાવેલ કાયદાઓની માહિતી માંગવામાં આવેલ છે. જે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અત્રે એ પણ સૂચક છે કે પ્રદુષણ નિયંત્રણ ધારો જેમાં હવા અને પાણીના પ્રદુષણ નિયંત્રણ અંગે જોગવાઈ છે. તથા પર્યાવરણ સુરક્ષા ધારો બંને જાહેર કાયદા હોઈ અરજદાર તેવી વિગતો કાયદાના સંદર્ભથી પણ મેળવી શકે. મુદ્દા નં.૯ બાંધકામ અંગેની નાગરીક હકકોની જાળવણી માટેની ફરીયાદ કયા અધિકારીશ્રીને કરવાની હોય છે તે અંગેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ જોતાં માંગ્યા મુજબની વિગતો રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં મુળ અરજીમાં અરજદારે બાંધકામ ચાલતું હોય અને નાગરીકોના અધિકાર બાબતેની ફરીયાદ કરવા અંગેની માહિતી સ્વયં જાહેર કરવાની યોગ્ય કક્ષામાં આવતી હોય જે જાહેર માહિતી અધિકારી તરફથી વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. મુદ્દા નં.૧૦ મિલ્કત નં.૧૬૪૫–બ ખુબ જ સાંકડા અને ગીચ ટ્રાફીકવાળા રસ્તા પર આવેલી છે તો આ મીલ્કતના પ્લાનમાં પાર્કીંગની વ્યવસ્થા રાખવામાં આવી છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૮ નોંધ નં.૧૬૪૫–બ માં જીડીસીઆરના નિયમ–૧૯ મુજબ પાર્કીંગની જોગવાઈ રજૂ કરેલ પ્લાનમાં દર્શાવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૧ રહેઠાણ વિસ્તારમાં નાગરીકોની સુખ શાંતિનો ભંગ થાય એ રીતે રાત્રી બાંધકામની પરવાનગી મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવે છે કે કેમ? તેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન કક્ષાએથી જીડીસીઆરની જોગવાઈને આધીન પરવાનગી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે સંદિગ્ધ પ્રત્યુત્તર છે તથા સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની આવી માહિતી વેબસાઈટ પર મુકેલ હોય તો કલમસહ સંદર્ભ આપવો જોઈતો હતો. પરંતુ તેમ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ આ મુદ્દા પરત્વે આપેલ પરવાનગી અને રાત્રી સમયના પરિપ્રેક્ષ્યમાં ચોકકસ માહિતી આપવી રહે. મુદ્દા નં.૧૨ મીલ્કત નં.૧૬૪૫–બ માં હાલમાં આશરે ૪૦ થી ૫૦ ફુટ જેટલું ખોદાણ કરવામાં આવ્યું છે જેને લીધે આસપાસના બીલ્ડીંગોમાં અવાર–નવાર ભુંકપ જેવો ધ્રુજારો આવે છે અને ઘણી ભયજનક પરિસ્થિતિ ઉભી થઈ રહી છે તો પાસ થયેલા પ્લાનમાં આ બાબત ધ્યાનમાં રાખવામાં આવી છે કે કેમ? તેની માહિતી આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

તરફથી મિલ્કત વોર્ડ નં.૮ નોંધ નં.૧૬૪૫–બ ના મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે.

આમ અરજદારની અપીલના મુદ્દા નં.૧ થી ૯ માં કરેલી રજૂઆત માં મુદ્દા નં.૪ અને ૭ ની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨,૩ અને ૮ માં ઉપસ્થિત કરેલ પ્રશ્નો મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે પૂરક પ્રશ્ન કરેલ છે. જયારે મુદ્દા નં. ૯ માં અરજદારને માંગેલ માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવતી માહિતી પૂરી પાડેલ જણાતી નથી. તથા મુદ્દા નં.૧૧ ની માહિતી પણ સ્પષ્ટ રીતે આપેલ નથી. વધુમાં અરજદારે તેમના તા.૯–૭–૧૧ ના પત્રમાં પૂરક વિગતોમાં આરટીઆઈ સેલ ધ્વારા માહિતીની માંગણીની રજૂઆત કરેલ છે જે આરટીઆઈ સેલ ધ્વારા અપીલો ચલાવવાની કાર્યવાહી કરવામા આવે છે માહિતી જે તે વિભાગના જાહેર માહિતી અધિકારી તરફથી જ પૂરી પાડવાની રહે. વધુમાં અરજદારે મુદ્દા નં.૨,૩,૧૦ અને ૧૩ માહિતી મેળવવા પ્રયત્ન કરેલ નથી તેવું પણ જણાવેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ મંજુર પ્લાનમાં જીડીસીઆરમાં દર્શાવેલ જોગવાઈઓને આધીન પરવાનગી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે.

તેમ છતાં મુદ્દા નં.૨,૩ ૧૦ તથા ૧૩ અંગે માત્ર જીડીસીઆરની જોગવાઈનો સંદર્ભ આપવાને બદલે ચોકકસ કલમ કે જોગવાઈ દર્શાવવી જોઈએ. તથા વેબસાઈટ પર પ્રસિધ્ધ કરેલ હોય તો તે પણ જણાવવું જોઈએ. કાયદાના આમુખથી પણ લોકશાહીમાં સુમાહિતગાર નાગરિકોની આવશ્યકતા પર ભાર મુકવામાં આવેલ છે જેને અનુલક્ષી આ અંગે ચોકકસ કલમ કે જોગવાઈની સંક્ષિપ્ત વિગત જણાવવી જોઈએ.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫/૬–૫–૧૧ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી પૈકી મુદ્દા નં.૯ ની માહિતી જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની પણ ગણાય તેથી તે અંગેની હકીકતલક્ષી માહિતી તથા મુદ્દા નં.૧૧ ની હકીકતલક્ષી માહિતી ચોકકસ કલમ સહિત વાસ્તવિક પરિસ્થિતિની તથા મુદ્દા નં.૪,૭ અંગે જો વેબસાઈટ પર જીડીસીઆર જોગવાઈ મુકવામાં આવેલ હોય તો કલમ સહિત તેનો સંદર્ભ કરવા જો ન મુકેલ હોય તો તેની સંક્ષિપ્ત માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં મુદ્દા નં. ૯ તથા ૧૧ ની માહિતી સહ અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિજય ભટ્ટ ,